# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૬ તા.૦૧-૧૨-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- વક્તૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને ક્વિઝ યોજવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ન.પ્રા.શિ.સમિતિ, અમદાવાદના વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક શક્તિઓને વિકસાવવા માટે આગામી ડીસેમ્બર-૨૩, જાન્યુઆરી-૨૪ તથા ફેબ્રુઆરી-૨૪માં નીચે દર્શાવેલ તારીખ પ્રમાણે વિવિધ સ્પર્ધાઓ યોજવા જણાવવામાં આવે છે.

| ક્રમ | કક્ષા | વક્તૃત્વ સ્પર્ધા | ચિત્ર સ્પર્ધા | ક્વિઝ |
|---|---|---|---|---|
| ૧ | શાળા કક્ષા | તા.૦૪-૧૨-૨૦૨૩ | તા.૦૨-૦૧-૨૦૨૪ | તા.૦૨-૦૨-૨૦૨૪ |
| ૨ | બીટ કક્ષા | તા.૧૧-૧૨-૨૦૨૩ | તા.૦૮-૦૧-૨૦૨૪ | તા.૦૯-૦૨-૨૦૨૪ |
| ૩ | ઝોન કક્ષા | તા.૧૮-૧૨-૨૦૨૩ | તા.૧૧-૦૧-૨૦૨૪ | તા.૧૬-૦૨-૨૦૨૪ |
| ૪ | શહેર કક્ષા | તા.૨૦-૧૨-૨૦૨૩ | તા.૨૩-૦૧-૨૦૨૪ | તા.૨૧-૦૨-૨૦૨૪ |

**વક્તૃત્વ સ્પર્ધાના વિષયો :**

(૧) આબોહવા પરિવર્તનના જોખમો(કલાઈમેટ ચેન્જ)
(૨) જાહેર મિલ્કતની સાચવણી
(૩) સ્વચ્છતા હી સેવા
(૪) Local For Vocal
(૫) મારા સ્વપ્નનું અમદાવાદ

**વક્તૃત્વ સ્પર્ધાના નિયમો :**

- ધો. ૩ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે ૩ મિનિટ અને ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે ૫ મિનિટની સ્પર્ધા કરવાની રહેશે.

**ચિત્ર સ્પર્ધાના વિષયો :**

(૧) સ્વચ્છતા હી સેવા
(૨) ગુજરાતનો નકશો
(૩) હેરિટેજ અમદાવાદ
(૪) બેટી બચાવો બેટી પઢાવો
(૫) મારી કલ્પનાની શાળા

**ચિત્ર સ્પર્ધાના નિયમોઃ-**

- ચિત્ર સ્પર્ધાનો સમય એક કલાકનો રહેશે.

**ક્વિઝના નિયમોઃ**

- દરેક શાળાએ વર્ગદીઠ ત્રણ ટુકડી પાડી ક્વિઝ સ્પર્ધા યોજવાની રહેશે.
- દરેક વર્ગના વિજેતા વિદ્યાર્થીઓને શાળા કક્ષાએ સ્પર્ધા યોજવાની રહેશે.
- શાળા કક્ષાએ વિજેતા વિદ્યાર્થીઓની ક્રમશઃ બીટ કક્ષાએ, બીટ કક્ષાએ વિજેતા વિદ્યાર્થીઓની ઝોન કક્ષાએ અને ઝોન કક્ષાના વિજેતા વિદ્યાર્થીઓની શહેર કક્ષાની સ્પર્ધા યોજવામાં આવશે.
- દરેક કક્ષાએ ક્વિઝના ત્રણ રાઉન્ડ કરવાના રહેશે.
- દરેક ટુકડીને પ્રશ્નનો જવાબ આપવા માટે ૩૦ સેકન્ડનો સમય આપવાનો રહેશે.
- ત્રણ રાઉન્ડના અંતે સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર ટુકડીને વિજેતા જાહેર કરવાની રહેશે.

**ક્વિઝ નૂતન તાલીમ વિભાગ દ્વારા રોજે રોજ મોકલવામાં આવતા પ્રશ્નોના આધારે યોજવામાં આવશે.**

તા.૦૧-૧૨-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી